# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-04-2025** **EVENING : 7.50 to 8.00**

**Day : MONDAY** **National News**

**આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડીયા વાંચે છે.**

**************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ડૉ. ભીમરાવ આંબેડકરનાં આદર્શ સરકારને હંમેશા માર્ગદર્શન આપતા રહેશે.**

2) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, દેશમાં ફોજદારી ન્યાય વ્યવસ્થાને મજબૂત કરવામાં ન્યાયસહાયક વિજ્ઞાન ઘણું ઉપયોગી.**

3) **ATS અને તટરક્ષકે ગુજરાતની દરિયાઈ સરહદમાંથી એક હજાર 800 કરોડ રૂપિયાનો માદક પદાર્થ પકડ્યો**

4) **અમેરિકામાં રમાઈ રહેલા તીરંદાજી વિશ્વ-કપમાં ભારતના ધીરજ બોમ્માદેવરાએ કાંસ્ય ચંદ્રક જીત્યો.**

5) **I.P.L.માં લખનઉ સુપર જાયન્ટ્સ સામે ટોસ જીતી ચેન્નઈ સુપર કિંગ્સે બૉલિંગ પસંદ કરી.**

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે આવતીકાલે સવારે ૭ વાગ્યેને ૧૦ મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM HARIYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, સમગ્ર દેશ આજે બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે. તેમજ તેમના આદર્શ સરકારને હંમેશા માર્ગદર્શન આપતા રહેશે. હરિયાણાના હિસારમાં આજે એક જનસભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, ગત 11 વર્ષથી બાબાસાહેબનું જીવન, તેમનો સંઘર્ષ અને તેમનો શાશ્વત સંદેશ સરકારની યાત્રાનો આધાર રહ્યો છે.

(BYTE : PM MODI ON AMBEDKAR)

શ્રી મોદીએ વક્ફ કાયદા અંગે કહ્યું, આનાથી ગરીબ મુસ્લિમોને લાભ થશે અને આદિવાસી જમીનોનું રક્ષણ થશે. વક્ફ કાયદા પર ચર્ચા અનેક મુસ્લિમ વિધવાઓ દ્વારા સરકારને પત્ર લખ્યા બાદ શરૂ થઈ હોવાનું પણ શ્રી મોદીએ ઉમેર્યું હતું. આ પહેલા પ્રધાનમંત્રીએ આજે હિસાર હવાઈમથક પર અયોધ્યા માટે વાણિજ્યિક ઉડાનને રવાના કરી. તેમજ ટર્મિનલ-ટૂ ભવનનું ખાતમુહૂર્ત કર્યું.

(BYTE : - PM MODI ON WAQF)

# HM FORENSIC SCIENCE SUMMIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, નરેન્દ્ર મોદી સરકાર દેશની ન્યાય પ્રણાલિ લોક-કેન્દ્રિત અને વૈજ્ઞાનિક બનાવવાનો પ્રયાસ કરી રહી છે. નવી દિલ્હીમાં આજે અખિલ ભારતીય ન્યાયસહાયક વિજ્ઞાન શિખર સંમેલનને સંબોધતા; શ્રી શાહે કહ્યું, સરકાર દરેકને સમયસર ન્યાય અપાવવા અને તેમને ન્યાયથી સંતોષ થાય તે દિશામાં કામ કરી રહી છે. તેમણે ઉમેર્યું, દેશમાં ફોજદારી ન્યાય વ્યવસ્થાને મજબૂત કરવામાં ન્યાયસહાયક વિજ્ઞાન ઘણું ઉપયોગી છે.

શ્રી શાહે કહ્યું, આનો ઉદ્દેશ સલામત અને સક્ષમ ભારત બનાવવાનો છે. તેમણે કહ્યું, ન્યાયસહાયક વિજ્ઞાન વગર સમયસર ન્યાય અને વધુને વધુ કેસમાં સજા અપાવવી એ શક્ય નથી.

**(BYTE : AMIT SHAH ON FORENSIC)**

કેન્દ્રીય ગૃહમંત્રીએ ત્રણ નવા ફોજદારી કાયદામાં કરાયેલા ફેરફારને 21મી સદીનું સૌથી મોટું પરિવર્તન ગણાવ્યું હતું.

# AMBEDKAR JAYANTI

દેશભરમાં આજે ભારતીય બંધારણના ઘડવૈયા ભારત-રત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની 134મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સહિતના મહાનુભાવોએ સંસદ ભવન પરિસરમાં ડૉ. આંબેડકરની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, વિવિધ ક્ષેત્રમાં ડૉ. આંબેડકરનું યોગદાન રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધતાની સાથે કામ કરવા અંગે ભવિષ્યની પેઢીઓને પ્રેરણા પૂરી પાડશે. સુશ્રી મુર્મૂએ લોકોને ડૉ. આંબેડકરના આદર્શને પોતાના જીવનમાં અપનાવવાનો સંકલ્પ લેવા તેમજ એક એવા દેશનું નિર્માણ કરવાનો આગ્રહ કર્યો, જે સામાજિક સદભાવ અને સમાનતાની ભાવનાને ઉજાગર કરે છે.

દિલ્હી વિધાનસભામાં આંબેડકર જયંતી નિમિત્તે વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. દરમિયાન દિલ્હી વિધાનસભા અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ કહ્યું, ડૉ. આંબેડકર દ્વારા તૈયાર કરાયેલા ભારતીય બંધારણને સમગ્ર વિશ્વમાં એક અદ્વિતીય સ્થાન મળ્યું છે.

ઉત્તરપ્રદેશમાં પણ આંબેડકર જયંતી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, દેશના વિકાસ પ્રત્યે ડૉ. આંબેડકરનું યોગદાન ક્યારેય ભૂલી નહીં શકાય.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છોઆ સમાચાર . આપ અમારીYoutube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ . સમાચાર માટેઅમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GUJARAT DRUGS

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- A.T.S. અને તટરક્ષકની ટુકડીએ ગુજરાતની દરિયાઈ સરહદ પાસેથી એક હજાર 800 કરોડ રૂપિયાનો માદકપદાર્થ કબજે કર્યો છે.

આખી રાત ચલાવેલા વિશેષ અભિયાન દરમિયાન તટરક્ષકે એક જહાજને રોક્યું હતું, પરંતુ જહાજમાં સવાર શંકાસ્પદ લોકો માદકપદાર્થને દરિયામાં ફેંકી ભાગી ગયા હતા. હાલમાં 300 કિલોથી વધુનો જપ્ત કરાયેલો માદકપદાર્થનો જથ્થો ગુજરાતના પોરબંદર લવાયો છે.

# DELHI ARREST

દિલ્હી પોલીસની ગુનાશાખાએ માદકપદાર્થની તસ્કરી કરનારા આંતર-રાજ્ય જૂથના 2 સભ્યોની ધરપકડ કરી છે. ગુનાશાખાએ દ્વારકા-નજફગઢ રોડ પર આવેલા I.T.B.P. કૅમ્પ પાસેથી આ બંને લોકોને પકડ્યા છે. સાથે જ પોલીસે આરોપીઓ પાસેથી 36 કિલોથી વધુનો માદકપદાર્થ અને એક દ્વિ-ચક્રી વાહન કબજે કર્યું છે.

પોલીસે જણાવ્યું કે, આરોપી દિલ્હી-N.C.R. સહિત હરિયાણાની શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ માદકપદાર્થની તસ્કરી કરતા હતા. પોલીસ લાંબા સમયથી તેમને શોધી રહી હતી.

# ARCHERY WORLD CUP

અમેરિકાના ફ્લૉરિડામાં રમાઈ રહેલી તીરંદાજી વિશ્વ-કપ 2025માં ભારતના ધીરજ બોમ્માદેવરાએ કાંસ્ય ચંદ્રક જીત્યો છે. તેમણે પુરુષોની વ્યક્તિગત રિકર્વ સ્પર્ધામાં એન્ડ્રેસ ટૅમિનો મેડિઅલને 6-4થી પરાજય આપી આ સિદ્ધિ મેળવી છે. આ સાથે જ ધીરજ બોમ્માદેવરાએ આ ટૂર્નામૅન્ટમાં બીજો ચંદ્રક જીત્યો છે.

આ વિજય સાથે ભારતે તીરંદાજી વિશ્વકપમાં અત્યાર સુધી એક સુવર્ણ, એક રજત અને બે કાંસ્ય સહિત કુલ ચાર ચંદ્રક જીત્યા છે. હાલમાં ભારતીય ટીમ પૉઈન્ટ ટૅબલમાં ચોથા સ્થાને છે.

આ પહેલા ધીરજ બોમ્માદેવરાએ તરૂણદીપ રાય અને અતનુ દાસ સાથે મળીને રિકર્વ પુરુષ ટીમ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો હતો. જ્યારે જ્યોથિ સુરેખા વેન્નમ અને રિષભ યાદવની જોડીએ કમ્પાઉન્ડ મિશ્ર ટીમ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. જ્યારે અભિષેક વર્મા, રિષભ યાદવ અને ઓજસ દેવતાલેની પુરુષો કમ્પાઉન્ડ ટીમે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

# WOMENS HOCKEY AUSTRALIA TOUR

હૉકી ઇન્ડિયાએ આજે પર્થ હૉકી સ્ટેડિયમમાં 26 એપ્રિલથી ચાર મે સુધી યોજાનારી સ્પર્ધામાં ઑસ્ટ્રેલિયા પ્રવાસ માટે 26 સભ્યની મહિલા ટીમની જાહેરાત કરી છે. પાંચ મૅચની શ્રેણીની પહેલી બે મૅચ-માં ભારતનો સામનો ઑસ્ટ્રેલિયા-એ ટીમ સામે થશે. ત્યારબાદ સિનિયર ઑસ્ટ્રેલિયન ટીમ સાથે ત્રણ મૅચ રમાશે.

મહિલા ટીમનાં સુકાની મિડફિલ્ડર સલિમા ટેટે અને ઉપ-સુકાની નવનીત કૌર હશે. બંને ગૉલ પોસ્ટ વચ્ચે અનુભવી ગૉલકિપર સવિતા અને યુવા પ્રતિભા બિચુ દેવી ખારિબામ પોતાની જવાબદારી નિભાવશે. આગામી જૂન મહિનામાં યોજાનારી F.I.H. પ્રૉ-લીગ 2024-25માં ટીમના યુરોપીયન પ્રવાસથી પહેલા આ સ્પર્ધાની તૈયારી મામલે નિર્ણાયક હશે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મૅચ રમાઈ રહી છે. લખનઉમાં ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મૅચમાં ચેન્નઈ સુપર કિંગ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, લખનઉ સુપર જાયન્ટ્સે 5 ઑવરમાં 2 વિકેટ ગુમાવી 34 રન બનાવ્યા છે.

# WOMEN-CREW

અમેરિકન ગાયિકા કેટી પેરી સહિત છ મહિલાની ટુકડીએ આજે બ્લુ ઓરિજિન રોકેટમાં બેસીને પૃથ્વીના વાતાવરણલો ઉપલા ભાગમાં ઉડાન ભરી. બ્લુ ઓરિજિન એ અગ્રણી ઉદ્યોગપતિ જેફ બેઝોસની માલિકી ધરાવતી અમેરિકન સ્પેસ કંપની છે.

આ જૂથમાં ટીવી પ્રેઝન્ટર ગેઇલ કિંગ, ફિલ્મ નિર્માતા કેરિયન ફલીન, નાસાનાં ભૂતપૂર્વ એરોસ્પેસ એન્જિનિયર આઈશા બોવે અને જાતીય હિંસા વિરુદ્ધ ઝુંબેશ જૂથના સ્થાપક અમાન્ડા ગુયેનનો સમાવેશ થાય છે. આ ફ્લાઇટ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે અમેરિકાના પશ્ચિમ ટેક્સાસથી શરૂ થઈ હતી.

# EVE BIHAR KHELO INDIA

કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને બિહારનાં, મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે બિહારમાં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ-2025ના પ્રતિકનું અનાવરણ કર્યું. આગામી ચોથી મેથી શરૂ થનારા આ રમતોત્સવમાં આ વખતે ખેલો ઇન્ડિયાનું પ્રતિક "ગજસિંહ" હશે, જે હાથીની શક્તિ અને સિંહના હૃદયનું પ્રતીક છે. આ શુભચિહ્ન નાલંદા અને બોધ ગયાના પાલ વંશના શિલાલેખિત વારસામાંથી લેવાયું છે, જે મંદિરો અને તેમના સ્તંભો પર કોતરવામાં આવ્યું છે.

15 મે સુધી ચાલનારો આ રમતોત્સવ બિહારના પટના, ગયા, રાજગીર, બેગુસરાય અને ભાગલપુર સહિત વિવિધ શહેરોમાં યોજવામાં આવશે.

બિહાર રાજ્ય રમત-ગમત સત્તામંડળના ડાયરેક્ટર જનરલ રવિન્દ્રન શંકરને જણાવ્યું કે, રમતોત્સવમાં વિવિધ રમતના 8 હજાર 500થી વધુ ખેલાડી ભાગ લેશે. આવતા મહિનાના પહેલા પખવાડિયામાં યોજાનારા કાર્યક્રમમાં 10 હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. વોલીબોલ, ફૂટબોલ, બાસ્કેટબોલ, બોક્સિંગ, કબડ્ડી ઉપરાંત, એથ્લેટિક્સ અને સેપક તકરારની 18 વિવિધ ઇવેન્ટ્સનું આયોજન કરવામાં આવશે. મલ્લખંભ જેવી વિવિધ રમતોની લગભગ 27 રમતો પણ આ ગેમ્સનો ભાગ હશે.

# RUSSIA INDIA 78TH ANNIVERSARY

ભારત અને રશિયા વચ્ચે રાજદ્વારી સંબંધોની ગઈકાલે 78મી વર્ષગાંઠ હતી. રશિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, ભારત સાથે મૈત્રી સંબંધ સતત વધતા રહેશે. રશિયાના વિદેશ મંત્રાલયે ટેલિગ્રામ પર શૅર કરેલા સંદેશમાં ભારતને શુભેચ્છાઓ પાઠવી અને દ્વિપક્ષી સંબંધો મજબૂત થવા પર વિશ્વાસ વ્યક્ત કર્યો.

રશિયાએ ભારતની સાથે વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરવા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા ફરી એક વાર કહ્યું, તેઓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદનું સમર્થન કરે છે.

રશિયાએ ભારતની સાથે ગાઢ વેપાર સંબંધોનો પણ સ્વીકાર કર્યો, જે આ વર્ષે આઠ અબજ અમેરિકી ડૉલરને વટાવી ગયો છે. રશિયાએ જણાવ્યું, ભારતની સાથે પરમાણું ઊર્જાનું પણ મહત્વ છે અને આ દિશામાં કુંડકુલમ્ પરમાણુ વિદ્યુત સંયંત્ર પરિયોજનામાં સહકાર એક મહત્વનું ક્ષેત્ર છે.